**દાહોદ ના મે બીજા એડી.ચીફ જ્યુડી.મેજી.સાહેબની કોર્ટમાં, મુ. દાહોદ**

**ક્રિમીનલ કેસ નં. ૪૨૩૬/૨૦૨૫**
**આંક– ૬**

**<u>ફરીયાદી:–</u>** એ.બી.ગોસ્વામી,સરકારી શ્રમ અધિકારી અને સમાન વેતન નીરીક્ષક

**<u>આરોપી:–</u>** ચંદનકુમાર રઘુનાથસિંહ બાકલીયા (માલીક – મહાકાલ બ્રીકસ)
રહે.ભંભોરી, તા.જી. દાહોદ

## ગુન્હો : સમાન વેતન અધિનીયમની કલમ – ૧૦,૧૧ મુજબ

<u>ઠરાવ</u>

૧). ફરીયાદ હકીકત આરોપીને વાંચી સંભળાવી અને સમજાવવામાં આવેલી છે તેના જવાબમાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે.આરોપીએ સ્વખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે

૨). આરોપીએ સ્વેચ્છાથી ગુન્હાની કબુલાત કરેલ છે અને કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને દયાની માગણી કરેલ છે અને જણાવેલ છે કે પ્રથમ ગુન્હો છે અને કુટુબનો ભરણપોષણનો આધાર આરોપી પર છે.આ કામના ગુન્હાનુ સ્વરુપ લક્ષમાં લઈ તથા આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતો હોઈ નીચે મુજબનો હુકમ કરુ છુ.

૩). કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત ઘ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે **<u>ગુજરાત રાજય વિ. નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં. ૭૦૯)</u>** આપેલ સમજુતિ મુજબ, આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ સચવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે :–

<u>હુકમ</u>

આરોપીને ક્રીમીનલ પ્રો.કોડની કલમ ૨૫૨ (બી.એન.એસ. – ૨૭૫) મુજબ **સમાન વેતન અધિનીયમ કલમ – ૧૦ તથા ૧૧ મુજબ** ના ગુનામાં ગુન્હેગાર ઠરાવી કોર્ટ અંકે રુપીયા **૧૦,૦૦૦/ – (અંકે રુપીયા દસ હજાર)** પુરાનો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દીન – ૩ માસ ની સાદી કેદની સજા ફરમાવુ છુ.

ઠરાવ આજરોજ તા. ૧૩ મી માહે ડીસેમ્બર સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી કોર્ટમાં જાહેર કર્યો.

**દાહોદ**
તા.૧૩/૧૨/૨૦૨૫

**(સતિષસિંહ બી. ચૌહાણ)**
બીજા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
દાહોદ
જજ કોડ નં. જીજે.૦૧૨૬૯